RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 321 * Date: 13.9.2026,Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

## એઆઈ ક્લોડનો ઉપયોગ જૈવિક શસ્ત્રો, મિસાઈલ બનાવવા, જાસૂસી માટે થયો હોવાનો ઘટસ્ફોટ

અમેરિકન છૈં કંપની એન્થ્રોપિકના સુરક્ષા રિપોર્ટમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. રશિયા અને ચીન જેવા દેશોમાંથી સાયબર ગુનેગારો અને શંકાસ્પદ સંગઠનો જાસૂસી, બાયો વેપન્સ અને ડ્રોન હુમલા માટે તેના છૈં ક્લોડનો દુરુપયોગ કરી રહ્યા છે. એક વૈજ્ઞાનિકે ચિકનગુનિયા વાયરસને વધુ ખતરનાક બનાવવા ક્લોડની મદદ માંગી હતી. જોકે, કંપનીએ આવા ૫ કેસમાં શંકાસ્પદ એકાઉન્ટ્સ બંધ કરી દીધા



છે.ચેટબોટને સરળ સવાલો પૂછવાથી લઈને શરૂ થયેલો એઆઈનો ઉપયોગ જૈવિક શસ્ત્રો, મિસાઈલ, બોમ્બ બનાવવા, જાસૂસી, માસ સર્વેલન્સ માટે થવા લાગ્યો છે. આ ઘટસ્ફોટ અમેરિકાની એઆઈ કંપની એન્થ્રોપિકે તેના સુરક્ષા રિપોર્ટમાં કર્યો છે. એન્થ્રોપિકે સુરક્ષા રિપોર્ટમાં દાવો કર્યો છે કે રશિયા, ચીન, ઈરાન જેવા દેશોમાંથી સાયબર ગૂનેગારો અને શંકાસ્પદ સંગઠનો જાસૂસી, બાયો વેપન્સ માટે તેના એઆઈ ક્લોડનો દુરુપયોગ થઈ રહ્યો છે. જોકે, આ બાબત ધ્યાનમાં આવતા તુરંત કંપનીએ સંબંધિત એકાઉન્ટ્સ બંધ કરી દીધા હતા.એન્થ્રોપિકે તેના સુરક્ષા રિપોર્ટમાં જણાવ્યું છે કે તેણે તેના ક્લોડ મોડેલ મારફત જૈવિક હથિયારો વિકસિત કરવા સંબંધિત અનેક શંકાસ્પદ પ્રવૃત્તિઓને સમયસર અટકાવી દીધી હતી. આ વર્ષે સામે આવેલા કેટલાક કેસોમાં તેના હાઈકુ, સોનેટ અને ઓપસ મોડેલ્સના દુરુપયોગનો પ્રયત્ન થયો હોવાનું તેમને જણાયું હતું. કંપની મુજબ આ કેસોમાં શંકાસ્પદ સરકારી સંગઠનો, આર્થિક ફાયદો મેળવનારા સાયબર ગુનેગારો, પ્રોપેગેન્ડા નેટવર્ક, સ્પાયવેર વેન્ડર અને રાજકીય રૂપે પ્રેરિત ગુનેગારો સંડોવાયેલા હતા.એન્થ્રોપિકે કહ્યું કે સૌથી સંવેદનશીલ કિસ્સો જૈવિક હથિયારોના રિસર્ચ સાથે સંકળાયેલો હતો, જેમાં કેટલાક શંકાસ્પદ સરકારી વૈજ્ઞાનિક પણ સામેલ હતા. કંપની માટે એ નિશ્ચિત કરવું હંમેશા મુશ્કેલ રહ્યું કે, સંશોધકોનું કામ કાયદાકીય રૂપે યોગ્ય છે અથવા નુકસાન પહોંચાડવાના ઈરાદાથી કરાઈ રહ્યું છે. આ કારણે કંપનીએ અત્યંત સાવધાની રાખવાનો નિર્ણય કર્યો હતો, કારણ કે સામાન્ય બાયોલોજિકલ રિસર્ચ અને ખતરનાક વાયરસ-બેક્ટેરિયા બનાવવાના કામ વચ્ચેનું અંતર ખૂબ જ પાતળું હોય છે.એન્થ્રોપિકના થ્રેટ ઈન્ટેલિજન્સ ચીફ જેકોબ ક્લેને કહ્યું કે, ચિકનગુનિયા વાયરસને વધુ ખતરકનાક બનાવવા માટે ક્લોડની મદદ લેવાઈ હતી. કંપનીએ તેના રિપોર્ટમાં જૈવિક હથિયારો માટે એઆઈ ક્લોડના દુરુપયોગના પાંચ કેસનો ઉલ્લેખ કરાયો હતો. મે મહિનામાં એક વૈજ્ઞાનિકે ચિકનગુનિયા વાયરસને 'ગેઈન-ઓફ-ફંક્શન' રિસર્ચ માટે ગ્રાન્ટ એપ્લિકેશનનો ડ્રાફ્ટ તૈયાર કરવામાં ક્લોડની મદદ માગી હતી. આ રિસર્ચનો આશય વાયરસમાં એવા મ્યુટશન પેદા કરવાનો હતો, જનાથી તે જીવિત પ્રાણીઓને વારંવાર સંક્રમિત કરીને વધુ ખતરનાક બની શકે. એન્થ્રોપિક માટે આ બાબત એટલા માટે પણ ચિંતાજનક હતી, કારણ કે આ કામ કથિત રીતે એક મિલિટ્રી રિસર્ચ ઈન્સ્ટિટયૂટ માટે કરાઈ રહ્યું હતું.કંપનીની બાયોલોજિકલ સેફ્ટી .

## સ્વિટ્ઝર્લેન્ડમાં ગ્લેશિયર ઊનની ચાદરથી ઢંકાયા, બરફ ૭૦ ટકા ઓછો પીગળ્યો

જીનીવા: ક્લાઈમેટ ચેન્જથી પીગળતા ગ્લેશિયર બચાવવા સ્વિટ્ઝર્લેન્ડના ત્સાનફ્લેઉરોન ગ્લેશિયર પર અનોખો પ્રયોગ કરાયો. ૨૦૦ સ્કવેર મીટર વિસ્તારમાં ઊનની ચાદર ઢાંકવામાં આવતા, ગ્લેશિયર ૫૦ થી ૭૦ ટકા ઓછો પીગળ્યો. પ્લાસ્ટિકથી થતું નુકસાન ઊનથી ટળ્યું. સંશોધકો હવે વધુ વિસ્તાર આવરી લેવા પ્રયાસરત છે.ત્સાનફ્લેઉરોન ગ્લેશિયરના ૨૦૦ સ્કવેર મીટરના વિસ્તારમાં પ્રયોગ થયોપ્લાસ્ટિકની શીટ ઢાંકવાથી ગ્લેશિયરને નુકસાન થાય છે તે ઉનની ચાદરથી થતું નથી : વધારે એરિયા કવરકરવા સંશોધકોના પ્રયાસાજીનીવા : ક્લાઈમેટ ચેન્જના કારણે દુનિયાભરમાં ગ્લેશિયર પીગળવાનું જોખમ સર્જાયુંછે. સદીઓથી ન પીગળેલો બરફ છેલ્લાં દશકામાં પીગળવા લાગ્યો



છે. તેને બચાવવા માટે નીતનવા પ્રયોગો થાય છે. ઘણાં સંશોધકો દર વર્ષે ઉનાળા દરમિયાન કપડાંની કે પ્લાસ્ટિકની ચાદરથી ગ્લેશિયરને ઢાંકે છે. હવે ઉનની ચાદરથી ગ્લેશિયરને ઢાંકવાનો પ્રયોગ થયો છે. તેને ધારણા પ્રમાણે જ સફળતા મળી છે. સ્વિટ્ઝર્લેન્ડમાં માસ્ટર્સ કરતાં ચાર સ્ટૂડન્ટ્સે ઘેટાના ઉનની ચાદર ગ્લેશિયર પર ઢાંકવાનો વિચાર રજૂ કર્યો હતો. એ પછી લોજેન યુનિવર્સિટી, સ્વિસ ગ્લેશિયર મોનિટરિંગ નેટવર્ક, એન્વાયર્નમેન્ટ ઓર્ગેનાઈઝેશન સહિતની સંસ્થાઓ આ વિચારમાં સામેલ થઈ હતી. સાયન્ટિસ્ટ સાથે મળીને શરૂઆતમાં ૧૦૦ સ્કવેર મીટરના વિસ્તારમાં બે મોટીઉનની ચાદર બિછાવાઈ હતી. ત્યાર બાદ એરિયા વધારીને ૨૦૦ સ્કવેર મીટર કરાયો હતો.સ્વિટ્ઝર્લેન્ડના લેસ ડાયબ્લેરેટ્સના ત્સાનફ્લેઉરોન ગ્લેશિયરના ૨૦૦ સ્કવેર મીટરના વિસ્તારને ઢાંકી દેવાયોહતો.આખા ઉનાળા દરમિયાન આ ગ્લેશિયરને ઉનથી ઢાંક્યા બાદ દર બે સપ્તાહે તેનું રીડિંગ લેવાયું હતું. આખરે આખી સીઝન દરમિયાન જણાયું કે ગ્લેશિયર ૫૦થી ૭૦ ટકા ઓછા પીગળ્યા હતા. સિન્થેટિક કે બાયોડિગ્રેબલ પ્લાસ્ટિકથી બનાવેલી ચાદરથી પણ આટલું જ રીઝલ્ટ મળે છે, પરંતુ તેનાથી ગ્લેશિયરને નુકસાન થઈ શકે છે. જ્યારે આ ઉનની ચાદરથી ગ્લેશિયર પીગળતા અટકે છે ને સાથે સાથે બીજું કોઈ પર્યાવરણીય નુકસાન થતું નથી.પ્રોજેક્ટ મેનેજર ટિમોથી સ્ટીનરે જણાવ્યું હતું કે ૪૦થી ૭૦ ટકા ઊન વેસ્ટ થઈ જાય છે. તેના બદલે જો ઊનની ચાદરો બનાવીને ગ્લેશિયર પર બિછાવવામાં આવે તો ગ્લેશિયર પીગળતા અટકાવી શકાય છે.

## એઆઈ કેન્સરની ૧૫ વર્ષમાં તૈયાર થતી દવાને મહિનાઓમાં બનાવી દેશે

લંડન સ્થિત ચિપ ડિઝાઈનિંગ કંપની આર્મના સીઈઓ રેને હાસે દાવો કર્યો છે કે, છૈં ટેકનોલોજી કેન્સર જેવી ગંભીર બીમારીઓનો ઈલાજ શોધી કાઢશે. તેમના મતે, છૈં મોડેલ્સ કરોડો મોલેક્યુલ્સનું વર્ચ્યુઅલ સિમ્યુલેશન કરીને ૪૮ કલાકમાં કેન્સરની વેક્સિન બનાવી શકશે, જે માણસ માટે અશક્ય છે. ઓરેકલના લેરી એલિસને પણ આ વાતને સમર્થન આપ્યું છેચિપ કંપની આર્મના સીઈઓ રેન હાસનું નિવેદકરોડો મોલેક્યુલ્સના વર્ચ્યુઅલ સિમ્યુલેશનથી એઆઈ ૪૮ કલાકમાં કેન્સરની વેક્સિન બનાવશે : એલિસન

લંડન : આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજી આપણા



જીવનકાળ દરમિયાન કેન્સર જેવી ગંભીર બીમારીઓનો ઈલાજ શોધી કાઢશે, એવો દાવો યુકે સ્થિત વિશ્વની જાણીતી ચિપ ડિઝાઈનિંગ કંપની આર્મના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર રેને હાસે કર્યો છે. હાસ ફાર્મા ક્ષેત્રના જાણકાર વ્યક્તિ છે. તેમણે ૨૦૨૬ની શરૂઆતમાં જ ફાર્માસ્યુટિકલ કંપની એસ્ટ્રાઝેનેકાના બોર્ડમાંથી રાજીનામું આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે, તેમની કંપની આર્મને સોશિયલ મીડિયા જાયન્ટ મેટાએ કસ્ટમ ચિપ બનાવવાની વિનંતી કરી હતીરેને હાસે જણાવ્યું કે, કેન્સરના ડીએનએ માર્કર અને માનવ કોષો પર થતી અસરોની જટિલતાને સમજવી હાલના માનવીઓ કે સુપરકમ્પ્યુટર્સ માટે અત્યંત મુશ્કેલ છે. પરંતુ, જેમ જેમ એઆઈ મોડેલ્સમાં વધુ ડેટા ઉમેરાશે અને એઆઈ પાવર્ડ કમ્પ્યુટર્સ વધુ શક્તિશાળી બનશે, તેમ એઆઈ આ જટિલ સમસ્યાનો ઉકેલ શોધી લેશે.

સામાન્ય રીતે એક નવી કેન્સરની દવા ડેવલપ કરવા અને તેનું ક્લિનિકલ ટ્રાયલ પૂર્ણ કરવામાં ૧૦થી ૧૫ વર્ષનો સમય લાગે છે. એઆઈ મોડલ્સ કરોડો મોલેક્યુલ્સનું વર્ચ્યુઅલ સ્ટિમ્યુલેશન કરીને દવા શોધવા અને તેના પરીક્ષણનો ગાળો ઘટાડી દેશે. એઆઈ કેન્સરનો એવો ઈલાજ શોધશે જે માણસ માટે શોધવો શક્ય નહોતો.

એઆઈ દ્વારા કેન્સરના ઈલાજ અંગે દાવો કરનાર રેને હાસ એકમાત્ર ટેક લીડર નથી. ઓરેકલના લેરી એલિસને કહ્યું હતું કે, એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની મદદથી માત્ર ૪૮ કલાકમાં કેન્સરની વેક્સિન બનાવી શકાશે. ઓપનએઆઈના સેમ ઓલ્ટમેને કહ્યું હતું કે, પૂરતો કમ્પ્યુટિંગ પાવર મળે તો એઆઈ કેન્સર મટાડવાનો રસ્તો શોધી શકે છે.

## ઈરાને એઆઈ ક્લોડનો ઉપયોગ કરી યુએસ નેવીના મથકો ઉડાવ્યા

એન્થ્રોપિકના અહેવાલ મુજબ, ઈરાન અને હુથી આતંકવાદીઓ છૈં ક્લોડનો ઉપયોગ કરી રહ્યા છે. ઈરાન દ્વારા ેંજી નેવીના મથકોને નિશાન બનાવવા ગુપ્ત માહિતી એકત્રિત કરાઈ, જ્યારે યમનમાં હુથીઓએ મિસાઈલ સિસ્ટમ અને ગાઈડેડ રોકેટ સોફ્ટવેર વિકસાવ્યા. આ ખુલાસાથી અમેરિકન નિષ્ણાતો ચિંતિત છે. એન્થ્રોપિકે આ સંબંધિત ખાતાઓ નિષ્ક્રિય કર્યા છેએ આઈ હવે આતંકીઓ પાસે પહોંચ્યું : હુથી એઆઇ ક્લોડનો ઉપયોગ કરી મિસાઇલ સિસ્ટમ બનાવી લીધવોશિંગ્ટન : અમેરિકા સાથેના યુદ્ધમાં ઈરાને યુએસ નેવીના મથકોને નિશાન બનાવવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલ ક્લોડનો ઉપયોગ કર્યાનું બહાર આવતા આખા વિશ્વમાં



ખળભળાટ મચી ગયો છે. ફક્ત એટલું જ નહીં આતંકી જૂથ હુથી પણ એઆઈ ક્લોડનો ઉપયોગ મિસાઈલ બનાવવા માટે કરી રહ્યુ હોવાનો પર્દાફાશ થતાં અમેરિકન લશ્કરી નિષ્ણાતોને અને રણનીતિકારોને પરસેવો છૂટી ગયો છે.આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) કંપની એન્થ્રોપિકે જણાવ્યું હતું કે ઈરાન સાથે લિંક ધરાવતા ઓપરેટરેએન્થ્રોપિકના ક્લોડનો ઉપયોગ કરીને ઈન્ટેલિજન્સ એકત્રિત કરી હતી અને મધ્યપૂર્વમાં આવેલા અમેરિકન નૌકાદળના થાણાને નિશાન બનાવ્યા હતા. એન્થ્રોપિકે જણાવ્યું હતું કે તેણે શોધી કાઢ્યું હતું કે ઈરાન સાથે સંલગ્ન એકાઉન્ટે ક્લાડનો ઉપયોગ કરીને યુએસ નેવલ એસેટ્સની જાહેરમાં ઉપલબ્ધ માહિતી એકત્રિત કરી હતી અને તેનું વિશ્લેષણ કર્યુ હતું. આ એકાઉન્ટે પછી સંભવિત ટાર્ગેટો નક્કી કરવા માટેનું મોડેલ બનાવ્યું હતું અને ઓપન સોર્સ ઈન્ફોર્મેશન દ્વારા નેવલ પોઝિશન ઓળખી કાઢી હતી અને ટ્રેક કરી હતી.એન્થ્રોપિકના અહેવાલમાં હૂથી આતંકીઓવાળા યમનમાં એક એન્જિનિયરિંગ સેલને ઓળખી કાઢવાનો દાવો કરવામાં આવ્યો છે. અહેવાલ મુજબ એન્થ્રોપિકના એઆઈ મોડેલ ક્લોડનો ઉપયોગ મિસાઈલો અને ગાઈડેડ રોકેટ માટે ગાઈડેન્સ સોફ્ટવેર ડેવલપ કરવા માટે કરવામાં આવ્યો. યમનમાં સક્રિય આ સેલ ઘણી મિસાઈલો પર કામ કરી રહ્યું હતું. તેમા એક મલ્ટી સ્ટેજ બેલિસ્ટિક મિસાઈલ હતી. તેની બતાવવામાં આવેલી રેન્જ બે હજાર કિ.મી.થી પણ વધુ હતી. આ સિવાય હૂથીઓ એક મિસાઈલ સિસ્ટમ પર પણ કામ કરી રહ્યા હતા, જેને આર ૨,૦૦૦ નામ અપાયું હતું. તેમા હાઈપરસોનિક ગ્લાઇડ વ્હીકલનું વેરિયન્ટ પણ સામેલ હતું. આ સમૂહે એઆઈની સુરક્ષા વ્યવસ્થાને ચાતરવાનો પ્રયત્ન કર્યો, જેથી તેની ઓળખ છૂપી રહે.

## ભારત યાત્રા માટે આવી રહેલા ૯૨ શીખોને પાકે. એરપોર્ટ પર જ રોક્યા

પાકિસ્તાનમાં લઘુમતીઓ પર અત્યાચારનો કિસ્સો સામે આવ્યો છે. ઉત્તરાખંડના ધાર્મિક સ્થળે જવા ભારત વિઝા ધરાવતા ૯૨ શીખોને ફૈસલાબાદ એરપોર્ટ પર રોકવામાં આવ્યા. પાકિસ્તાની પ્રશાસને મહિલાઓ અને બાળકો સહિતના યાત્રાળુઓને ફ્લાઇટમાં બેસવા ન દીધા. રિટર્ન ટિકિટ અને ર્દ્બઝ ન હોવાના વિચિત્ર કારણો આપી હેરાન કરાયા. શીખોએ મદદ માટે વીડિયો બનાવી આપવીતી વર્ણવીપાક.માં લઘુમતીઓ પર ખુદ સરકાર દ્વારા અત્યાચાર

ઉત્તરાખંડના ધાર્મિક સ્થળે આવવા ભારતના વીઝા હોવા છતાં ધરાર ફ્લાઇટમાં ના બેસવા દેવાયા, મહિલાઓબાળકો સહિતનાને હેરાન કરાયઈસ્લામાબાદ : પાકિસ્તાનમાં લઘુમતીઓને ખુદ પ્રશાસન દ્વારા



પરેશાન કરવામાં આવી રહ્યા હોવાનો મામલો સામે આવ્યો છે. પાકિસ્તાનથી આશરે ૯૨ જેટલા શીખો ભારતમાં ઉત્તરાખંડમાં આવેલા પોતાના એક ધાર્મિક સ્થળે જવા માટે પાક.થી રવાના થયા હતા. જોકે આ તમામ શીખ શ્રદ્ધાળુઓને પાકિસ્તાનપ્રશાસને ફૈસલાબાદ એરપોર્ટ પર જ રોકી લેવાયા હતા અને ભારત આવતા અટકાવાયા હતા.ભારતના ઉત્તરાખંડમાં શ્રી હેમકુંડ સાહિબ આવવા માટે પાકિસ્તાનના ૯૨ જેટલા શીખો રવાના થયા હતા, તેમની પાસે ભારતના કાયદેસરના વીઝા પણ હતા. શુક્રવારે બાળકો મહિલાઓ સહિતના આ તમામ શીખો ગલ્ફ થઈને ભારત આવતી એક ફ્લાઇટમાં આવવા માટે એરપોર્ટ પર પહોંચ્યા હતા. જોકે તેમને ફૈસલાબાદ એરપોર્ટ પર જ પાકિસ્તાનના ઈમિગ્રેશન વિભાગ દ્વારા રોકી લેવાયા હતા અને ફ્લાઇટમાં બેસવા નહોતા દેવાયા. આ મામલે ભારે વિવાદ થતા બાદમાં પાકિસ્તાન ઈમિગ્રેશન વિભાગે પોતાના બચાવમાં એવો દાવો કર્યો હતો કે આ તમામ પાકિસ્તની શીખો પાસે રિટર્ન ટિકિટ નહોતી, તેઓએ માત્ર ભારત જવા માટેની જ ટિકિટ લીધી હતી.સાથે જ સરકાર પાસેથી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ એનઓસી પણ લેવામાં નહોતું આવ્યું. એટલુ જ નહીં દિલ્હી મંદર મેનેજમેન્ટ કમિટી દ્વારા આ તમામ શીખોના વીઝાની કાર્યવાહી કરવામાં આવી હતી, આ મુસાફરો પાકિસ્તાન શીખ ગુરુદ્વારા પ્રબંધક કમિટીનો પણ સંપર્ક કરી શક્યા હોત. વાઘા બોર્ડરનો પણ ઉપયોગ કરી શક્યા હોત. આવા વિચિત્ર કારણો આપીને અનેક શીખ પરિવારને પાકિસ્તાન પ્રશાસન દ્વારા પરેશાન કરવામાં આવ્યા હતા. શીખોએ વીડિયો બનાવીને આપવીતી વર્ણવી હતી. વીડિયોમાં તેઓ કહી રહ્યા છે કે અમે છેલ્લા ચાર કલાકથી એરપોર્ટ પર અટવાયા

## તંત્રી લેખ

## સાઉદી અરેબિયાનું ક્રૂડ ઉત્પાદન ૩૬ વર્ષના નીચલા સ્તરે ઉતર્યું

ઈરાન યુદ્ધને કારણે હોર્મુઝ સ્ટ્રેટ અને લાલ સમુદ્ર દ્વારા ક્રૂડ તેલનો પુરવઠો ખોરવાઈ ગયો છે. વિશ્વના સૌથી મોટા ઉત્પાદકોમાંના એક સાઉદી અરેબિયામાં ક્રૂડ ઓઈલનું ઉત્પાદન ૩૬ વર્ષના નીચલા સ્તરે પહોંચી ગયું છે. આ ભારત માટે પણ ચેતવણીનો સંકેત છે, કારણ કે સાઉદી અરેબિયા ભારતના ટોચના સપ્લાયર્સમાં સામેલ છે.

સાઉદી અરેબિયાનું કહેવું છે કે તેનું દૈનિક ઉત્પાદન ૧.૯ મિલિયન બેરલ ઘટીને ૬.૨ મિલિયન બેરલ થયું છે, જે ૧૯૯૦ પછીનું સૌથી નીચું સ્તર છે. ઓગસ્ટમાં નિકાસમાં પણ 40% ઘટાડો થયો છે. કામચલાઉ ટેન્કર ટ્રેકિંગ ડેટા અનુસાર, સાઉદી અરેબિયાની નિકાસ ૫.૧ મિલિયન બેરલથી ઘટીને ૩.૧ મિલિયન બેરલ થઈ ગઈ છે. ઓપેક દેશોમાં સાઉદી અરેબિયા સૌથી મોટું ક્રૂડ ઉત્પાદક છે.

સાઉદી અરેબિયા ભારતનો ત્રીજો સૌથી મોટો સપ્લાયર છે. ઈરાન યુદ્ધ પહેલા, સપ્ટેમ્બર અને ફેબ્રુઆરી વચ્ચે સાઉદી અરેબિયાથી દૈનિક પુરવઠો ७४३,000 બેરલ હતો, જે ફેબ્રુઆરી અને ઓગસ્ટ વચ્ચે ઘટીને ४४0,000 બેરલ થઈ ગયો હતો.ક્રૂડ તેલના ભાવ વધવાથી ભારતના આયાત બિલમાં વધારો થશે અને રૂપિયા પર દબાણ આવશે. આનાથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પણ વૃધારો થઈ શકે છે.

## હારીજ સાયબર ફ્રોડ કેસમાં આરોપીની જામીન અરજી ફગાવીઃ પાટણ કોર્ટે રૂ.૩૯૮ કરોડના ગેરકાયદે વ્યવહારોની ગંભીરતા જોઈ નિર્ણય લીધો




હારીજ નાગરીક સહકારી બેંકમાં બોગસ પેઢીઓના નામે કરંટ ખાતા ખોલાવી રૂ. ૩૯૮ કરોડથી વધુના સાયબર ફ્રોડ અને ગેરકાયદેસર નાણાકીય વ્યવહારો આચરવામાં આવ્યા હતા. આ કેસના મુખ્ય આરોપીઓ પૈકીના એક ભેમાભાઈ રબારી (રહે. રાધનપુર, મૂળ બંધવડ) દ્વારા રજૂ કરાયેલી ચાર્જશીટ પછીની જામીન અરજી પાટણની સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. પાટણના ત્રીજા એડિશનલ સેશન્સ જજ ધીરેન ચૌહાણે ગુનાની ગંભીરતા અને પ્રાથમિક પુરાવાઓને ધ્યાનમાં રાખીને આ આદેશ આપ્યો હતો.

કેસની વિગતો અનુસાર, પાટણ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં આ ગુનો નોંધાયો હતો. આરોપીઓએ સાથે મળીને કમિશનની લાલચ આપીને હારીજ નાગરીક સહકારી બેંકમાં કરંટ ખાતા ખોલાવ્યા હતા. આ બેંક ખાતાઓ, બેંકિંગ કિટ્સ અને સહી કરેલા કોરા ચેકો સાયબર ફ્રોડ, ડિજિટલ એરેસ્ટ, ઓનલાઈન સટ્ટા અને જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવતા લોકોને પૂરા પાડવામાં આવ્યા હતા.

સમગ્ર દેશમાંથી હ્રઝ્રઈઁ પોર્ટલ પર ૨૨૮ જેટલી ફરિયાદો નોંધાઈ છે. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે અરજદાર ભેમાભાઈ રબારીના નામે ખોલાવાયેલા કરંટ ખાતામાં પણ રૂ. ૨૫ કરોડથી વધુની રકમ જમા થઈ હતી.

અરજદાર તરફે રજૂઆત કરવામાં આવી હતી કે ચાર્જશીટ રજૂ થઈ ગયું છે અને તપાસ પૂર્ણ થઈ હોવાથી જામીન મળવા જોઈએ. જોકે, સરકારી વકીલ જે.જે. બારોટની દલીલો અને પોલીસ તપાસના સોગંદનામાને સ્વીકારીને અદાલતે નોંધ્યું હતું કે માત્ર ચાર્જશીટ રજૂ થવું કે તપાસ પૂર્ણ થવી એ જામીન માટેની બદલાયેલી પરિસ્થિતિ ગણી શકાય નહીં. ગુનાની ગંભીરતા અને આર્થિક છેતરપિંડીના મોટા પાયાને જોતાં અદાલતે આરોપીની જામીન અરજી ફગાવી દીધી છે.

## સરસ્વતી શિશુ મંદિરમાં ગણેશ ચતુર્થીનો ધાર્મિક કાર્યક્રમ યોજાયો

શ્રી સરસ્વતી શિશુ મંદિર, શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ વિદ્યા સંકુલ ખાતે ગણેશ ચતુર્થી નિમિત્તે ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું.કાર્યક્રમની શરૂઆત શાળાના આચાર્ય દ્વારા શ્રી ગણેશજીની સ્થાપના અને પૂજનથી થઈ. આ પ્રસંગે સમગ્ર શાળા પરિસર “ગણપતિ બાપ્પા મોરિયા”ના નાદથી ગુંજી ઉઠ્યું.

ગણેશ ચતુર્થી મહોત્સવમાં ધોરણ ૮ના વિદ્યાર્થીઓએ લેજીમ નૃત્ય રજૂ કર્યું. ઢોલના તાલે વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ રીતે લેજીમ નૃત્ય કર્યું. વિદ્યાર્થીઓની એકસમાન વેશભૂષા અને તાલબદ્ધ પગલાંએ ઉપસ્થિત સૌને પ્રભાવિત કર્યા.

આ પ્રસંગે શાળાના આચાર્યએ ગણેશ ચતુર્થીના ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક મહત્વ વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી. તેમણે ભગવાન શ્રી ગણેશ પાસેથી બુદ્ધિ, વિવેક, શિસ્ત, એકતા અને સદ્‌વિચાર જેવા ગુણો ગ્રહણ કરવાનો સંદેશ આપ્યો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન શાળાની સંયોજિકા ઉર્વશીબેન પટેલ દ્વારા કરાયું. કાર્યક્રમના અંતે શ્રી ગણેશજીની આરતી અને પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું. આખો કાર્યક્રમ ભક્તિ, આનંદ અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં પૂરો થયો.

## સિદ્ધપુરમાં પતિના ત્રાસથી કંટાળી પરિણીતાનો આપઘાતઃપતિ ચારિત્ર્ય પર શંકા રાખી ત્રાસ આપતો હોવાનો આરોપ




સિદ્ધપુરની સિદ્ધેશ્વરી સોસાયટીમાં ૩૦ વર્ષીય પરિણીતાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો છે. પતિ ચારિત્ર્ય પર શંકા રાખી શારીરિક અને માનસિક ત્રાસ આપતો હતો, જેનાથી કંટાળીને પરિણીતાએ આ પગલું ભર્યું હતું. મૃતકના પિતાની ફરિયાદના આધારે સિદ્ધપુર પોલીસે પતિ સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.મૂળ થરાદ તાલુકાના વાઘાસણ ગામના અને હાલ મુંબઈમાં રહેતા ભાણાભાઈ કાળાજી પ્રજાપતિની દીકરી નીતાબેનના લગ્ન આશરે ૩ વર્ષ પહેલાં રાજસ્થાનના ઝાલોરના કાનજીભાઈ ગંગદાસભાઈ પ્રજાપતિ સાથે થયા હતા. તેમને દોઢ વર્ષની દીકરી રીસીકા છે. કાનજીભાઈ મુંબઈમાં સ્ટીલનો વ્યવસાય કરતા હતા, જોકે છેલ્લા ૩ મહિનાથી તેઓ પરિવાર સાથે સિદ્ધપુરની સિદ્ધેશ્વરી સોસાયટીના મકાન નંબર ૪૬માં રહેવા આવ્યા હતા.લગ્નજીવન દરમિયાન કાનજીભાઈ તેમની પત્ની નીતાબેનના ચારિત્ર્ય પર સતત શંકા રાખી મેણાં-ટોણા મારતા હતા. તેઓ નીતાબેનને શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. પરિણીતાના પરિવારજનોએ સમાધાન માટે સમજાવવાના પ્રયાસો કર્યા હોવા છતાં પતિનો ત્રાસ ચાલુ રહ્યો હતો.આ ત્રાસથી કંટાળીને નીતાબેને ૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૮ થી ૯ વાગ્યાની વચ્ચે મકાનના પહેલા માળે સાડી વડે ગળે ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં મુંબઈથી આવેલા પરિવારે તપાસ કરી તો મૃતકના ગળા પર ફાંસાના નિશાન જોવા મળ્યા હતા.આ મામલે મૃતકના પિતા ભાણાભાઈ પ્રજાપતિએ સિદ્ધપુર પોલીસ સ્ટેશનમાં કાનજીભાઈ પ્રજાપતિ સામે આત્મહત્યા માટેદુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધીને તપાસ અધિકારી પીએસઆઈ પી.એન. પટેલે વધુ કાનૂની તપાસ શરૂ કરી છે.

### પાટણના નવજાત બાળકના ખરીદ-વેચાણ કેસમાં આરોપીની જામીન અરજી રદ

## સેશન્સ કોર્ટે ત્રીજી વખત બોગસ ડોક્ટરની અરજી રદ કરી, ગુનામાં સક્રિય ભૂમિકા

પાટણના ત્રીજા એડિશનલ સેશન્સ જજ ધીરેન ચૌહાણની કોર્ટે નવજાત બાળકના ગેરકાયદે ખરીદ-વેચાણ કેસમાં આરોપીની ત્રીજી જામીન અરજી રદ કરી છે. આ કેસમાં ફૂટદસ્તાવેજ બનાવવા અને બોગસ તબીબી પ્રવૃત્તિ આચરવાના ગંભીર આરોપો છે.સમી તાલુકાના બાબરી ગામના રહેવાસી નરસંગભાઈ રબારીએ ચાર્જશીટ રજૂ થયા પછી જામીન માટે અરજી કરી હતી. પાટણ સિટી બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આ ગુનો નોંધાયો હતો.કેસની વિગત મુજબ, આરોપીઓએ ડોક્ટર ન હોવા છતાં પોતાની ઓળખ ડોક્ટર તરીકે આપી હતી. તેમણે આડેસર ખાતે એક ક્લિનિકમાં ગેરકાયદેસર રીતે બાળકીની ડિલિવરી કરાવી હતી.આરોપીઓ પર બાળકોના ખરીદ-વેચાણ, રાધનપુર નગરપાલિકામાંથી ખોટા જન્મ પ્રમાણપત્ર મેળવવા અને ગ્રાહક ન મળતાં બાળકને ત્યજી દેવા સુધીના આરોપો છે. આ કૃત્ય ગુનાહિત મનુષ્યવધ સમાન હોવાનું કહેવાય છે.અરજદારના વકીલે કોર્ટમાં રજૂઆત કરી હતી કે ચાર્જશીટ પછી મુખ્ય સાક્ષીઓની તપાસ થઈ ગઈ છે. તેઓ ફરી ગયા હોવાથી આરોપી સામે કોઈ પુરાવો નથી.જોકે, સરકારી વકીલે જામીન અરજીનો સખત વિરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે હજુ અન્ય સાક્ષીઓની જુબાની બાકી છે. માત્ર કેટલાક સાક્ષી ફરી જવાથી આરોપી




નિર્દોષ સાબિત થતો નથી.કોર્ટે બંને પક્ષોની દલીલો અને સોગંદનામું ધ્યાનમાં લીધા હતા. કોર્ટે નોંધ્યું કે અગાઉ પણ ચાર્જશીટ પછીની બે જામીન અરજીઓ ગુણદોષ પર રદ કરવામાં આવી હતી.

## પંચમહાલઃ કાલોલના એરાલ નજીક ST બસ અને ડમ્પર વચ્ચે ગમખ્વાર અકસ્માત




પંચમહાલના કાલોલ તાલુકાના પાણીયા ગામ પાસે આજે સવારે જી્ બસ અને ડમ્પર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં ડમ્પરચાલકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે બોડેલીથી ગોધરા જતી જી્ બસના ૧૫થી વધુ મુસાફરો ઘાયલ થયા હતા. સ્થાનિકોએ મદદ કરી ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં એરાલ નજીક આવેલા પાણીયા ગામ પાસે આજે (૧૨ સપ્ટેમ્બર) સવારે એસટી બસ અને ડમ્પર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ડમ્પરચાલકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે બોડેલીથી ગોધરા જઈ રહેલી એસટી બસમાં સવાર ૧૫થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા.

અકસ્માત સર્જાતાં જ આસપાસના સ્થાનિક રહીશો તાત્કાલિક મદદ અર્થે દોડી આવ્યા હતા. તેણે ઈજાગ્રસ્ત મુસાફરોને સલામત રીતે બસમાંથી બહાર કાઢ્યા હતા. ત્યારબાદ તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગોધરાની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતાં જ પોલીસ કાફલો તેમજ એસટી નિગમના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.એસટી બસના કંડક્ટરના જણાવ્યાઅનુસાર, એરાલ પીકઅપ બસ સ્ટેન્ડ પરથી મુસાફરોને લીધા બાદ બસ થોડી જ આગળ વધી હતી, ત્યારે સામેથી કપચી ભરેલું ડમ્પર પૂરઝડપે આવ્યું હતું અને બસ સાથે ટકરાયું હતું. ડમ્પરને સામેથી આવતું જોઈ બસના ડ્રાઈવરે સ્ટેરિંગ પર કાબૂ રાખી બસને રોડ સાઈડ લેવાનો પ્રયાસ કર્યો હતો.

## મોંઘવારીનો માર, સિંગતેલના ડબ્બાની કિંમત રૂ. 3000ને પાર, મગફળીનું વાવેતર વધુ છતાં ભાવવધારો કેમ?

ગુજરાતમાં મગફળીનું વિક્રમજનક ઉત્પાદન અને વધુ વાવેતર છતાં, રાજકોટ તેલબજારમાં સિંગતેલના ભાવમાં નિરંકુશ વધારો યથાવત છે. આજે, સિંગતેલ ડબ્બાનો ભાવ રૂ. ૩૦ વધીને રૂ. ૨૯૭૦-૩૦૨૦ની રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યો છે. પૂરતો જથ્થો હોવા છતાં, શોર્ટ સપ્લાયનું ખોટું કારણ આપી ભાવ વધારાઈ રહ્યા છે, જે સરકારી તંત્રની નિષ્ફળતા દર્શાવે છે.

ગુજરાતમાં મગફળીનું ઉત્પાદન ગત વર્ષે વિક્રમજનક ૬૦ લાખ ટનને પાર થયું હતું અને આ વર્ષે મગફળીનું સામાન્ય કરતા વધુ વાવેતર થઈ ગયું છે, છતાં મગફળીમાંથી બનતા સિંગતેલના ભાવમાં નિરંકુશ વધારાનો દોર સાતમ-આઠમના તહેવારો પૂરા થતા જ શરૂ કરી દેવાયો છે. આજે રાજકોટ તેલબજારમાં સિંગતેલ ડબ્બાના ભાવ રૂ. ૨૯૪૦-૨૯૯૦માં વધુ રૂ. ૩૦નો વધારો ઝીકીને રૂ. ૨૯૭૦-૩૦૨૦ની રેકોર્ડ ઊંચાઈએ પહોંચાડી દેવામાં આવ્યા છે.

ગત વર્ષે મગફળીનું ઉત્પાદન આશરે ૫૨ લાખ ટન હોવા છતાં સિંગતેલનો ડબ્બો રૂ. ૨૪૦૦થી ૨૫૦૦માં મળતો હતો, પરંતુ આ વર્ષે પહેલેથી જ રૂ. ૫૦૦થી ૬૦૦નો ભાવ વધારો ઝીકવામાં આવ્યો છે. જન્માષ્ટમી પૂર્વે તહેવારના કારણે ભાવ કૃત્રિમ રીતે નીચા દેખાડવા માટે આંશિક ઘટાડો કરીને રૂ. ૨૮૦૦-૨૮૫૦ કરાયા હતા, જેમાં ગત ચાર દિવસમાં જ ફરી રૂ. ૭૦નો વધારો ઝીકી દેવાયો છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં મગફળીનું નોર્મલ વાવેતર ૧૬.૧૫ લાખ હેક્ટર થતું હોય છે, જેની સામે આ વર્ષે ૨૦.૬૮ લાખ હેક્ટર અર્થાત ૮ ટકા વધુ વાવેતર થયું છે. સમગ્ર દેશમાં મગફળીના ૪૬.૭૯ લાખ હેક્ટર સામે આ વર્ષે આજદિન સુધીમાં ૫૦.૪૫ લાખ હેક્ટર અને ગત વર્ષે ૫૦.૬૬ લાખ હેક્ટર વાવેતર થયું હતું. ગત વર્ષે પાકેલી મગફળીનો જથ્થો હજુ પણ બજારમાં ઉપલબ્ધ છે અને નવરાત્રી પછી નવો માલ પણ બજારમાં આવી રહ્યો છે, છતાં શોર્ટ સપ્લાયનું ખોટું કારણ આપીને ભાવ વધારવામાં આવી રહ્યા છે. વાસ્તવમાં આ શોર્ટ સપ્લાય મેનેજમેન્ટની કમી અને સરકારી તંત્રની ભાવને વાજબી સ્તરે જાળવી રાખવાની નિષ્ફળતા દર્શાવે છે.

## અમદાવાદમાં જબરો ખેલ પકડાયો, જૂના ડબામાં ખાદ્યતેલ ભરવાનું કારસ્તાન, ૧૭૫ ટિન જપ્ત




અમદાવાદમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગે લાંભાના પીપળજ રોડ પર ×મમતા એગ્રો પ્રોટીન× પર દરોડા પાડ્યા. છત્રાલથી ટેન્કરમાં સોયાબીન, કપાસિયા, પામ તેલ મંગાવી જૂના ડબ્બામાં ભરી વેચાણ થતું હતું. ૩.૭૫ લાખના ૧૭૫ ભરેલા ટિન, ૩૦૦ ખાલી ડબ્બા મળ્યા. એકમ સીલ કરી હ્લજીજીછૈં લાયસન્સ રદ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ.

અમદાવાદ શહેરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા ખાદ્યતેલોમાં થતી ભેળસેળ અને ગેરરીતિઓ સામે અત્યંત કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં લાંભા વિસ્તારમાં જાણીતી કંપનીઓના જૂના અને વપરાશમાં લેવાયેલા ડબ્બામાં ખાદ્યતેલ ભરીને તેનું ગેરકાયદેસર વેચાણ કરતા એક એકમ પર ઓચિંતા દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરમિયાન મોટી માત્રામાં ભરેલા અને ખાલી ડબ્બા મળી આવતા તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે એકમ સીલ કરી દેવામાં આવ્યું હતું.પ્રવાસ ગાઈડ વાંચો

લાંભાના પીપળજ રોડ પર આવેલા આદર્શ એસ્ટેટમાં ધમધમતા ‘મમતા એગ્રો પ્રોટીન‘ નામના એકમ પર ફૂડ વિભાગે સઘન તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે આ એકમ દ્વારા સોયાબીન, કપાસિયા અને પામ તેલ છત્રાલથી ટેન્કરમાં મંગાવવામાં આવતું હતું. ત્યારબાદ આ તેલને અલગ-અલગ બ્રાન્ડના નામે જૂના ડબ્બામાં ભરીને બજારમાં વેચવામાં આવતું હતું. સ્થળ પરથી આશરે ૩.૭૫ લાખ રૂપિયાની કિંમતના ૧૭૫ ભરેલા ટિન તેમજ ૩૦૦ જેટલા ખાલી વપરાયેલા ડબ્બા મળી આવ્યા હતા.મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ સેફ્ટી ઓફિસર ડૉ. તેજસ શાહના જણાવ્યા અનુસાર, સ્થળ પરથી ‘રાજહંસ‘ અને ‘કપાસ‘ નામની બ્રાન્ડના લેબલ મળી આવ્યા હતા, પરંતુ આ લેબલ્સ ટ્રેડમાર્ક કરાયેલા નહોતા. ઉપરાંત, આ ખાદ્યતેલ કયા સ્થળોએ અને ક્યાં વેચવામાં આવે છે તેનો કોઈ પણ પ્રકારનો અધિકૃત રેકોર્ડ પણ જાળવવામાં આવ્યો ન હતો. પેકિંગમાં ગંભીર ખામીઓ અને અનિયમિતતા જોવા મળતા ભરેલા ડબ્બાઓનું વેચાણ તાત્કાલિક ધોરણે સ્થગિત કરાવી દેવામાં આવ્યું હતું.

વેપારી દ્વારા નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરવા અને સામાન્ય નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેષ્ટા કરવા બદલ ફૂડ વિભાગ દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા છે.

## ધોળકામાં જિગ્નેશ મેવાણીની ચિંતન શિબિર અને ખેડૂતોને સમર્થન, પડતર પ્રશ્નો ઉકેલવા આંદોલનની ચીમકી

વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ ધોળકા તાલુકાની મુલાકાત લઈ સામાજિક અને જમીન પ્રશ્નો પર આક્રમક વલણ અપનાવ્યું. તેમણે રોહિત સમાજની વાડી ખાતે ચિંતન શિબિરમાં ભાગ લીધો. સરોડા ગામની જમીનોના પ્રશ્ને ૧૫ દિવસમાં કાર્યવાહી ન થાય તો આંદોલનની ચીમકી આપી. ૨૪ સપ્ટેમ્બરે ધોળકા બંધની પણ તેમણે જાહેરાત કરી. વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાની મુલાકાત લઈ સામાજિક તથા જમીન સંબંધિત પ્રશ્નો અંગે આક્રમક વલણ અપનાવ્યું છે. ધોળકા સ્થિત રોહિત સમાજની વાડી ખાતે અનુસૂચિત જાતિ સમાજ માટે યોજાયેલી ચિંતન શિબિરમાં તેમણે હાજરી આપી હતી. આ શિબિરમાં સમાજ પર થતા અત્યાચાર સામે સતત સંઘર્ષ કરવા, ન્યાયી હક માટે આખરી લડત આપવા અને સામાજિક કુરિવાજ ‘ગોળ પ્રથા‘ બંધ કરવા જેવા મહત્ત્વના વિષયો પર ગહન મંથન કરવામાં આવ્યું હતું.જિગ્નેશ મેવાણીએ આંદોલનની ચીમકીમુલાકાત દરમિયાન જિગ્નેશ મેવાણીએ સરોડા ગામની જમીનોના પ્રશ્ને પ્રાંત અધિકારીને રજૂઆત કરી સ્પષ્ટ ચેતવણી આપી હતી. અન્ય લોકોના કબજા હેઠળની જમીનો ૧૫ દિવસમાં મૂળ ખાતેદાર ખેડૂતોને સોંપવા, ખેડૂતોને શાંતિપૂર્ણ રીતે ખેતી કરવા દેવા અને ગેરકાયદે કબજો કરનારાઓ સામે કડક કાયદાકીય ફરિયાદ નોંધાવવા તેમણે માગ કરી હતી. જો નિર્ધારિત સમયમાં આ અંગે યોગ્ય કાર્યવાહી નહીં થાય, તો પ્રાંત કચેરી ખાતે વિશાળ આંદોલન કરવાની ચીમકી તેમણે આપી હતી.આ ઉપરાંત, ભેટાવાડા ગામે છેલ્લા ૨૧ દિવસથી આંદોલન ચલાવી રહેલા પાંચ ગામના ખેડૂતોની પણ તેમણે મુલાકાત લીધી હતી. ખેડૂતોના વિરોધને સંપૂર્ણ ટેકો જાહેર કરતા તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, ‘જો તંત્ર અને સંબંધિત કંપનીઓ ખેડૂતોના જીવન તથા જમીન સાથે રમત રમવાનું બંધ નહીં કરે, તો આગામી ૨૪ સપ્ટેમ્બરે આખો ધોળકા તાલુકો રસ્તા પર ઉતરીને સજ્જડ આંદોલન કરશે.‘ આ પ્રસંગે મોટી સંખ્યામાં સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનો હાજર રહ્યા હતા.






## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO : 408**
વિષય : ગણેશ ચતુર્થી
શીર્ષક: એટલે પૂજાય છે...
પ્રકાર : પદ્ય શબ્દો: ૯૪

માતા-પિતાને દેવ માની? લીધા, એટલે પૂજાય છે.
સંબંધોની કિંમત સૌને સમજાવી, એટલે પૂજાય છે.

મોટું મસ્તક જ્ઞાનનું, નાની આંખો એકાગ્રતા કહે,
સમજાવ્યું નાના મુખથી ઓછું બોલવું, એટલે પૂજાય છે.

મૂષક ઉપર બેસીને અહંકાર ને નાનો કરી દીધો,
શક્તિમાં પણ નમ્રતા બતાવી, એટલે પૂજાય છે.

મોટા કાનથી સાભળવું સૌનું દુઃખ ને સૌની વાત,
ધીરજની સુંદર રીત શીખવી, એટલે પૂજાય છે.

મોદકમાં મહેનત પછીની મીઠાશનો સંદેશ આપ્યો,
જીવનમાં સુખ વહેંચવાનું શીખવ્યું, એટલે પૂજાય છે.

વિઘ્ન આવે તો ડરવું નહીં, "નવીન" પાઠ આપ્યો સૌને,
હિંમતની જ્યોત હૈયે પ્રગટાવી, એટલે પૂજાય છે.

અરજણભાઈ એસ. પરમાર "નવીન"
કોડવાવ (જૂનાગઢ)

★★★★★★
**NOG SSN 0089**
વિષય ગણેશ ચતુર્થી
પ્રકાર ગદ્ય
શબ્દ ૨૬૫
શીર્ષક બાપા મોરિયા રે

ગણપતિ ચોથ આવે અને ઉમંગનું મોજું ફરી વળે. ગણપતિ બાપા મોરિયા. અડધું લાડુ ચોરિયા. શુભ કર્તા દુઃખ હર્તા બાપા મોરિયા. મંગલ મૂર્તિ મોરિયા. સહુનું હદય ચોરિયા
ગણપતિ વિશે કંઈ પણ કહેવું એ મારા ગજા બહારની વાત છે. બસ તેમના મંગલ સ્વરૂપનું ચિંતન સદા હદયમાં હો ! તેમનું સુમિરન સઘળા વિઘ્નને હરનાર છે. ભગવાન ગણેશ તમને નમસ્કાર. તમારો મહિમા અપરંપાર છે.

સહુ પોતાના આવાસમાં તેની સ્થાપના કરવી કદી ન વિસરે. નાના, મોટા, અબાલ વૃદ્ધ સહુ તેને અંતરથી ચાહે છે. સહુ પર આપની કૃપા વર્ષા હો. જેમની માતા પાર્વતી છે, પિતા મહાદેવ છે એવા શ્રી ગણેશને મારા કોટિ કોટિ પ્રણામ.

શ્રી વિનાયકને સાદર પ્રણામ અને પ્રાર્થના છે. વિનાયકનો વક્ર તુંડ અને મહાન શરીર તેમની સંયમ, શક્તિ અને જ્ઞાનનું સ્થાન દર્શાવે છે. કરોડ સૂર્યો જેટલી પ્રભાવનો તેમની મહાન પ્રભાવનું સ્થાન દર્શાવે છે. આ પંક્તિની પ્રાર્થના મારા સર્વ કાર્યોમાંથી અધિકાર અને સારી પ્રગતિ માટે મારી પ્રાર્થના છે.
આજના શુભ દિન ગણપતિ બાપા સહુની મનોકામના પૂર્ણ કરે. સર્વ જગતમાં રિધ્ધિ અને સિધ્ધિ પ્રવર્તે.મીચ્છામી દુકડમ શ્રાવક મિત્રોને. આપણા તહેવાર ખૂબ અર્થથી ભરપૂર છે. ઋતુ પ્રમાણે આવે છે. સહુની મંગલતા વાંછે છે. ગણપતિની પ્રતિમાનું બારિકાઈથી નિરક્ષણ કરતાં જણાશે તેમના અંગ અંગ પ્રતિક રૂપે સદભાવના, શિક્ષા અને શુભ તત્વની ગવાહી પૂરે છે. હાથીની સુંઢ જેવું નાક. મોટા કાન, ઝીણી આંખો, દુંદાળું પેટ,મુશકનું વાહન, શુભ ભાવના.

ભાદરવા સુદ ચોથ એટલે ગણપતિને પધરાવો. જૈન બંધુઓ પર્યુષણનો પર્વ મનાવે. પોતાના ગેર વર્તન યા ભૂલની અંતરથી ક્ષમાની યાચના કરે. જીંદગીમાં ભૂલોની બાદબાકી ન કરીએ તો જીવન દુષ્કર બની જાય. આપણા ભારતમાં મહારષ્ટ્રની અંદર આ તહેવારની ભવ્ય રીતે ઉજવણી કરવાની પ્રથા લોકમાન્ય તિલકે શરૂ કરી હતી. આ પ્રસંગે તેમને યાદ કરી ગણપતિનું સ્નેહથી ઘરમાં સ્થાપન કરીએ. વિઘ્નહર્તા તમારો સંસાર ખુશીથી ભરી દેશે.

પ્રવિણા કડકિઆ

★★★★★★★
**NOGSS /0044**
વિષય :- ગણેશ ચતુર્થી
પ્રકાર :- પદ્ય
શબ્દો :- ૫૬
શીર્ષક :- આવકાર

આવકારીએ
હૈયે ધરી ઉમંગ
ગણેશ પર્વ.

ગણેશ પર્વ
લાવે હર્ષ ઉલ્લાસ
આનંદાનંદ.

હર્ષ ઉમંગ
વ્યાપ્યો ગણેશ પર્વે
ચોગરદમ.

ગણેશ તેડું
પાવન અવસરે
કરું નમન.

ચઢાવું દુર્વા
ગણેશ થાય રાજી
પામું આશિષ.

સહુનાં પ્રિય
ગણેશજી આવશે
મૂષકે ચઢી.

હરશે વિઘ્ન
શિવ પાર્વતી પુત્ર
કરીએ ભક્તિ.

ગણેશજીને
રૂડાં બાજઠ કેરાં
આસન દઉં.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બીલીમોરા.

★★★★★★★
**NOG SS No : 160**
વિષય : ગણેશ ચતુર્થી
શીર્ષક : ગણેશ વંદના
પ્રકાર : પદ્ય
શબ્દ : ૩૯

ગણપતિ ગજાનન ગણરાયા ગણેશ
સુખ કર્તા દુઃખ હર્તા મંગલમૂર્તિ ગણેશ.

લંબોદર ભાલચંદ્ર એકદંત ગણેશ
રિદ્ધિ સિદ્ધિના સ્વામી, શંકરના પ્યારા ગણેશ.

ગણ અધિનાયક, પ્રથમ પૂજ્ય ગણેશ
ચતુર્ભુજ વિનાયક મોદકપ્રિય ગણેશ.

સિદ્ધિ પ્રદાય વક્રતુંડ વિઘ્નહર્તા ગણેશ
શુભતા સ્થાપિત કરો ગૌરીનંદન ગણેશ.
- રશ્મિકા અમીન

# રાજસ્થાન નાગરિક ચૂંટણીમાં ભાજપ માટે પ્રચંડ વિજય માટે પ્રોફેસર રમેશ રાવતે સિક્કિમમાં પ્રાર્થના કરી

રાજસ્થાનની રાજધાની જયપુર જિલ્લાના ચોમુ મ્યુનિસિપલ કાઉન્સિલના વોર્ડ ૨૨ અને અશોક વિહાર કોલોનીના રહેવાસી અને હાલમાં ગંગટોકમાં કાર્યરત પ્રોફેસર રમેશ કુમાર રાવતે ભારતના સિક્કિમની રાજધાની ગંગટોકમાં ભારત-ચીન સરહદ નજીક ગણેશટોક, હનુમાન ટોક અને નાથુલામાં સ્થિત બાબા હરભજન સિંહને રાજસ્થાન નાગરિક ચૂંટણીમાં ભાજપ માટે પ્રચંડ વિજય માટે પ્રાર્થના કરી. પ્રોફેસર રમેશ કુમાર રાવતે ચોમુ મ્યુનિસિપલ કાઉન્સિલમાં ભાજપ બોર્ડની રચના, ભાજપ સંપૂર્ણ બહુમતી સાથે સત્તામાં આવે અને ચોમુમાં વોર્ડ ૨૨ ના લોકપ્રિય ભાજપ ઉમેદવાર આશિષ દુસાદની જીત માટે પણ પ્રાર્થના કરી. તેમની જીત બાદ, આશિષ દુસાદે ચોમુ મ્યુનિસિપલ કાઉન્સિલના અધ્યક્ષ તરીકે સેવા આપી.ત્યારે પણ, ચેરમેન તરીકે, આશિષ દુસાદે લોકોની સેવા કરી અને તેમના આશીર્વાદ મેળવ્યા. તાજેતરની ચૂંટણીઓ દરમિયાન, આશિષ દુસાદે ખાતરી આપી હતી કે જો ચોમુ નગર પરિષદમાં ભાજપ સરકાર બનાવે છે, તો પ્રાથમિક પ્રાથમિકતા જનતાને સ્વચ્છતા, વીજળી, પાણી અને વાંદરાઓની સમસ્યાઓથી રાહત આપવાની રહેશે.

# ૧૦૦% શુદ્ધ મોરીંગા! (સરગવાના પાન) : કુદરતની અણમોલ ભેટ અને ૩૦૦ રોગોનો પ્રાકૃતિક ઉપચાર! (સંત સુરા)

૧૦૧. ડાયાબિટીસ - સુગર કંટ્રોલઃ બ્લડમાં સુગર વધારતા ફ્રી રેડિકલ્સને મારે છે, ઈન્સ્યુલિન સારું કામ કરે છે.
૨. બ્લડ પ્રેશર અને કોલેસ્ટ્રોલઃ નસોમાં જામેલી ચરબી સાફ કરે છે, ખરાબ કોલેસ્ટ્રોલ (ન્ઢન) ઘટાડે છે.
૩. સાંધાનો દુખાવો - સંધિવાઃ શરીરમાં સોજો (હકક્ષ્ક્ષટ્ઠદ્બદ્બટ્ઠેહ) ઉતારે છે, ઘૂંટણ-કમર દુખાવામાં રાહત.
૪. પેટ અને લીવરઃ લીવરને ડિટોક્સ કરે છે, ગેસ, કબજિયાતમાં ફાયદો.
૫. થાક, નબળાઈ, એનિમિયાઃ લોહતત્વ ભરપૂર, લોહી વધારે, થાક દૂર કરે.
૬. ચામડી અને વાળઃ કરચલી, ડાઘ ઓછા કરે, વાળ ખરતા અટકાવે.
૭. રોગપ્રતિકારક શક્તિઃ રોજ સેવનથી ઈમ્યુનિટી વધે.
કેવી રીતે લેવું?
સવારે નયણા કોઠે ૧ નાની ચમચી (૩-૫ ગ્રામ) ધૂળ-મેલ વગરનો, કેમિકલ પ્રોસેસ વિનાનો પાવડર હુંફાળા પાણી કે મધ સાથે. ૧૫ મિનિટ પછી ચા-નાસ્તો લેવો.

# ટીસીએસે પૂણેમાં એઆઈ, રોબોટ્સથી ચાલતી ઓટોમેટેડ ફેક્ટરી બનાવી



પૂણેમાં ્ઝજીએ દેશની પ્રથમ 'લાઇટ્સ આઉટ ફેક્ટરી લેબ' શરૂ કરી છે. આ છૈં-આધારિત લેબ ૨૪ કલાક માનવીય હસ્તક્ષેપ વિના કાર્યરત રહેશે. અહીં, રોબોટ્સની મદદથી છૈં ઉત્પાદનો બનાવતી કંપનીઓ ટેસ્ટિંગ કરી, મુશ્કેલીઓ ઓળખી અને તેનું નિરાકરણ લાવી શકશે. આ પ્રોજેક્ટ સંપૂર્ણપણે ઓટોમેશન પર ચાલશે, જેનાથી ઉત્પાદનની ગુણવત્તા સુધરશે અને ભવિષ્યની સમસ્યાઓનો અગાઉથી ઉકેલ મળશેપ્રથમ લાઈટ્સ આઉટ ફેક્ટરી લેબ દિવસ-રાત ધમધમશલેબમાં ટેસ્ટિંગ કરીને બીજી કંપનીઓએઆઈ પ્રોડકશનને બહેતર બનાવી શકશેપૂણે : ટીસીએસે પૂણેમાં લાઈટ્સઆઉટ મેન્યુફેક્ચરિંગ ફેક્ટરી લેબ બનાવી છે. દેશમાં આ પ્રકારની એ પહેલી લેબ છે, જ્યાં એઆઈ પ્રોડક્ટ બનાવતી કંપનીઓ ટેસ્ટિંગ કરીને આવનારી મુશ્કેલીઓને ઓળખીને સમાધાન શોધી શકશે. રોબોટ્સની મદદથી કંપનીઓ ઓટોમેટિક ક્વોલિટી તપાસી શકશે. ટીસીએસનો આ પ્રોજેક્ટ સંપૂર્ણ રીતે ઓટોમેશન પર ચાલશેટાટા કન્સલટન્સી સર્વિસ (ટીસીએસ)ના કહેવા પ્રમાણે આ દેશની લાઉટ્સ-આઉટ ફેક્ટરી લેબ છે. ટીસીએસે હ્યુમન પ્લસ એઆઈ સર્વિસ ઓટોનોમી મોડલની મદદથી આ લેબ બનાવી છે. એટલે કે એમાં માણસોએ તૈયાર કરેલી એઆઈ અને રોબોટિક્સ સિસ્ટમ સંપૂર્ણ રીતે ઓટોમેશન પર ચાલશે.લાઈટ્સ-આઉટ ફેક્ટરી એટલે એવો કોન્સેપ્ટ કે જ્યાં દિવસ-રાત માનવીય દખલ વગર કામ કરી શકાય.આ એઆઈ-ફર્સ્ટ મેન્યુફેક્ટરિંગથી અન્ય એઆઈ બેઝ્ડ પ્રોડક્ટ બનાવતી કંપનીઓ પ્રોડક્ટનું મોનિટરિંગ કરી શકશે. તેનાથી કંપનીઓને એઆઈના કામમાં આવતી મુશ્કેલીઓની વહેલી જાણકારી મળશે.એક રીતે આવા રોબોટિક્સ અને એઆઈ વર્કના ટેસ્ટિંગ માટે આ લેબ ખૂબ ઉપયોગી થશે. રોજિંદા કામમાંએઆઈનો ઉપયોગ કરવામાં જે મુશ્કેલી પડે છે તેનો ઉકેલ આ ફુલી ઓટોમેટેડ લેબમાં મેળવી શકાશે. માણસ અનેમશીનને કામ કરાવવાનો આ અલગ પ્રકારનો પ્રયોગ હશે.સાથે સાથે આખી ફેક્ટરી સંપૂર્ણ રીતે ઓટોમેટિક ચાલશે. પ્રોડકશનને બહેતર બનાવવાનો આ લેબનો મુખ્ય હેતુછે.અસલી ફેક્ટરીમાં કોઈ પરિવર્તન કરતાં પહેલાં આ લેબમાં તેનું કમ્પ્યુટરાઈઝ્ડ ડમી મોડલ બનાવીને તપાસ કરી શકાશે. રોબોટ્સ માણસ સાથે મળીને સુરક્ષિત રીતે કામ કરી શકે તેવી ક્ષમતા આ ફેક્ટરી લેબમાં વિકસાવી શકાશે.

# રાજ્યપાલ અને મુખ્યમંત્રીના હસ્તે રામાજીનાછાપરાના શિક્ષકશ્રી ધર્મેશ ગજ્જરને રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ




ગુજરાત રાજ્યના ""રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક:૨૦૨૬" માટે ગુજરાત સરકાર દ્વારા ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રામાજીનાછાપરા પ્રાથમિક શાળાના શિક્ષકશ્રી ધર્મેશકુમાર ડાહ્યાભાઈ ગજ્જરની પસંદગી થતાં તેમને પાંચમી સપ્ટેમ્બરના રોજઁ ઢ્ઢ઼ઈ ગાંધીનગર ખાતે સમગ્ર ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક તરીકે પારિતોષિક મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે સાલ, શિલ્ડ, પ્રશસ્તિપત્ર, ચેક અર્પણ કરવામાં આવેલ.

આ પ્રસંગે કેબિનેટ કક્ષા શિક્ષણમંત્રીશ્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાંજા અને રાજયકક્ષા શિક્ષણમંત્રી શ્રીમતી રિવાબા જાડેજા, શિક્ષણ અગ્ર સચિવશ્રી મિલિંદ તોરવણૈ(છજી), સમગ્રશિક્ષાના સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી નાગરાજન એમૌ(છજી), પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી પ્રકાશ ત્રિવેદી, પાઠ્યપુસ્તક બોર્ડના અધ્યક્ષ, ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ વગેરે ઉપસ્થિત રહેલ.

શિક્ષણક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરતા શ્રી ધર્મેશ ગજ્જરે શિક્ષણમાં અનેક શૈક્ષણિક નવતર પ્રયોગો જેવાકે જોયફુલ સેટરડે(આનંદદાયી શનિવાર), શબ્દ રમત, સર્જનાત્મકતાથી સર્વાંગી શિક્ષણની સફર, વાંચનવાર ...મનનો જમણવાર વગેરે અનેક ઈનોવેશન કરી દરવર્ષે યોજાતા એજ્યુકેશન ઈન્નોવેશન ફેસ્ટિવલમાં ઉત્સાહભેર ભાગ લે છે. તેમનું ૨૦૨૧/૨૦૨૨ માં એજયુકેશન ઈન્નોવેશન ફેસ્ટિવલમાં રજૂ કરેલ ઈનોવેશન પહેલી જુલાઈ ૨૦૨૫ના જીસીઈઆરટીના પરિપત્રથી જોયફુલ સેટરડે(આનંદદાયી શનિવાર) ઈનોવેશન ગુજરાત રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં અમલીકરણ થયેલ છે. સાહિત્ય અને લેખનક્ષેત્રે પણ તેમના અનેક લેખ જેવાકે જીવનશિક્ષણ, બાળવિશ્વ, શિક્ષક જ્યોત, અચલા, પ્રગતિશીલ શિક્ષણ, વિશ્વકર્મા વિશ્વ, બાલસૃષ્ટિ વગેરે મેગેઝિનમાં તેમજ ન્યૂઝપેપરમાં પ્રકાશિત થયેલ છે. વર્ગખંડ કક્ષાના બાળકો માટે અનેક ક્રિયાત્મક સંશોધન હાથ ધરેલ છે. શિક્ષકો અને આચાર્યોને અનેકવાર તજજ્ઞ તરીકે તાલીમો આપેલ છે. દર વર્ષે યોજાતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ બાળકોને અપાવી મેરીટના સ્થાન અપાવેલ છે. રાજ્યનો ૨૦૦૪ માં આયોજિત પ્રથમ સમરકેમ્પમાં ભાગ લઈ તત્કાલીન બાળકોને સમરકેમ્પ કરાવેલ. તેઓ યુવા મતદાર મહોત્સવની તમામ સ્પર્ધાઓમાં ભાગ લઈ તાલુકા, જિલ્લામાં પ્રથમ નંબર મેળવી રાજ્ય કક્ષાએ અનેકવાર ભાગ લીધેલ. મતદાર જાગૃતિ માટેની સ્વીપ પ્રવૃત્તિઓમાં પણ ઉત્સાહભેર ભાગ લઈ ઉત્કૃષ્ઠ પ્રવૃતિઓ કરાવી કલેકટરશ્રીના હસ્તે અનેકવાર સન્માનિત થયેલ છે. શાળાઓમાં યોજાતી કલામહાકુંભની વિવિધ સ્પર્ધાઓમાં સ્વયં તથા બાળકોને ભાગ લેવડાવી અનેક વાર વિવિધ સ્પર્ધાઓમાં તાલુકામાં પ્રથમ, જિલ્લામાં પ્રથમ નંબર મેળવી ઝોન રાજ્ય કક્ષા સુધી ભાગ લઈ નંબર મેળવેલ છે. ૨૫ થી વધારે વખત રક્તદાન કરેલ શિક્ષકશ્રીએ સામાજિક ક્ષેત્રે પણ ઉત્કૃષ્ઠ પ્રદાન કરેલ છે. કોરોનાકાળ દરમિયાન પણ ૪૭ દિવસ દહેગામની વિવિધ હોસ્પિટલમાં રૂબરૂ જઈ ચકાસણી કરી આંકડાકીય માહિતી મેળવી સરકારને પહોંચાડેલ જેમજ બાળકોને વિવિધ વિસ્તારમાં ૬ શેરીઓ બનાવી શેરીશિક્ષણ, વધુમાં વધુ વિડિઓ બનાવી મોબાઈલની મદદથી ઑનલાઈન શિક્ષણ આપેલ, ગામમાં ઘરે ઘરે પંખીઘર, ઉત્તરાયણ બાદ કરુણા અભિયાન, મૂલ્યશિક્ષણ માટે અભિનય સાથે વાર્તા ગીત શીખવવા, ચાર્ટ ચિત્રો મોડલના વિવિધ ૫૦૦થી વધારે સ્વનિર્મિત ્ન્સ વર્ગ શાળા તાલુકા કક્ષાએ બનાવેલ છે, જિલ્લા સંયોજક બની પર્યાવરણ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરતા શિક્ષકોને પર્યાવરણ સંરક્ષક એવોર્ડ અપાવી સન્માનિત કરાવેલ, વિવિધ જાહેર સંસ્થાઓની બેંક, પોલીસ સ્ટેશન, રેલવે સ્ટેશન, લાઈબ્રેરી, સરકારી દવાખાના, ૧૦૮, ખેતર, મંદિર વગેરે તેમજ ગુજરાતના વિવિધ ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોએ બાળકોને શૈક્ષણિક હેતુ માટે પ્રવાસ પર્યટન જેમ કે લોથલ, દરિયાકિનારે, ગિરનાર, રણપ્રદેશ, ડુંગર ધાર્મિક મંદિરો વગેરેમાં ઉત્કૃષ્ઠ માર્ગદર્શન પૂરું પાડેલ છે, રાષ્ટ્રીય કામગીરી જેવીકે જીૈંઇ ૨૦૨૬, વસ્તીગણતરી ફેઝ-૧ ૨૦૨૬ પણ નિષ્ઠાથી ઉત્કૃષ્ઠ કામગીરીમાં પણ પ્રથમ પૂર્ણ કરવા બદલ સન્માનિત થયેલ. શિક્ષણક્ષેત્રે ૨૬ વર્ષથી વધુ સેવા આપેલ શિક્ષકને તત્કાલીન ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, કેબિનેટ શિક્ષણમંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર, સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા, રાજયકક્ષા શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા, ધારાસભ્યના હસ્તે અનેક એવોર્ડ જેવાકે રાજયકક્ષાનો મોરારિબાપુ દ્વારા અપાતો "ચિત્રકૂટ એવોર્ડ", સમગ્ર ગુજરાત રાજ્ય કક્ષાએ "વિશ્વકર્મા રત્ન એવોર્ડ", ગુજરાત સરકાર દ્વારા અપાતો ગાંધીનગર "જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ", દહેગામ "તાલુકા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ", "પ્રતિભાશાળી શિક્ષક એવોર્ડ", જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા "જિલ્લા ગૌરવ એવોર્ડ", તાલુકા પંચાયત તથા ધારાસભ્ય દ્વારા "તાલુકા ગૌરવ એવોર્ડ", પર્યાવરણ સંરક્ષક એવોર્ડ, વાત્સલ્ય ફાઉન્ડેશન મહેસાણા દ્વારા "શ્રેષ્ઠ શિક્ષક સન્માન એવોર્ડ", બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ મહેસાણા દ્વારા "વિદ્યોત્તોજક એવોર્ડ", રોટરી કલબ દહેગામ દ્વારા "નેશન બિલ્ડર એવોર્ડ", ઈન્ડિયન બુક ઓફ રેકોર્ડ દ્વારા "ઈન્ડિયન રેકોર્ડ હોલ્ડરર", અર્લી બર્ડ્સ આઈએએસ દ્વારા "એન્વાયરોનમેન્ટ કન્સર્વેશન એવોર્ડ", જાયન્ટ્સ ગ્રુપ ઓફ કલોલ મેઈન્સ દ્વારા "ગુજરાત ગૌરવ એવોર્ડ" મળેલ, આ ઉપરાંત ૫૦ થી વધુ સન્માનપત્ર મેળવેલ શિક્ષકશ્રી ધર્મેશ ગજ્જરની પસંદગી થતાં ગાંધીનગર જિલ્લાના છેવાડાના રામાજીનાછાપરાનું ગૌરવ સમગ્ર રાજ્યમાં વધારતા બાળકો,શાળા પરિવાર, ગ્રામજનો ગર્વ અનુભવી શુભેચ્છાઓ પાઠવેલ છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૧૮૪૮ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત અને ૩૦ નવી પીએમ ઈ-બસોનું પ્રસ્થાન




ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરની માળખાકીય સુવિધાઓને વધુ આધુનિક અને સુદ્રઢ બનાવવાના ઉદ્દેશ્યથી આજે સેક્ટર ૧૩(બી) ગ્રાઉન્ડ ખાતે લોકાર્પણ અને ખાતમુહૂર્ત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ગાંધીનગર મહાનગરપાલિકાના ?૭૯૮ કરોડ અને માર્ગ અને મકાન વિભાગના ?૧૦૫૦ કરોડ મળી કુલ ?૧૮૪૮ કરોડના વિવિધ પ્રજાલક્ષી પ્રોજેક્ટ્સનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત સંપન્ન થયું છે. આ ઉપરાંત, શહેરમાં પર્યાવરણની જાળવણી સાથે સુવ્યવસ્થિત જાહેર પરિવહન વ્યવસ્થા પૂરી પાડવાના હેતુથી પીએમ ઈ-બસ સેવા અંતર્ગત નવી ૩૦ ઈ-બસોને પણ મુખ્યમંત્રીશ્રી દ્વારા લીલી ઝંડી આપીને નાગરિકોની સેવામાં મુકવામાં આવી છે.નાગરિકોની સુવિધામાં વધારો કરતા આ કાર્યોમાં મુખ્યત્વે સેક્ટર ૨૬ ખાતે નિર્માણ પામેલ નવું અર્બન હેલ્થ સેન્ટર, સેક્ટર ૨૦, ઝુંડાલ અને અમિયાપુર ખાતે નવા બગીચાઓનું નિર્માણ તેમજ રાયસણ ખાતે આવેલા સ્વર્ણિમ સાંસ્કૃતિક કેન્દ્રના અત્યાધુનિક ઓડિટોરિયમના નવીનીકરણ જેવા મહત્વના પ્રકલ્પોનો સમાવેશ થાય છે. આ સાથે શહેરના વિવિધ વિસ્તારોમાં સી.સી. રોડની કામગીરી, વરસાદી પાણીના નિકાલ માટેની સ્ટોર્મ વોટર લાઈન અને પીવાના પાણીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા ઓવરહેડ ટાંકીઓનું પણ નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. પીએમ ઈ-બસ યોજના અંતર્ગત અગાઉ દોડતી ૪૦ બસોમાં આજે વધુ ૩૦ સંપૂર્ણ એર-કન્ડિશન્ડ અને પ્રદૂષણમુક્ત બસોનો ઉમેરો થતાં શહેરી પરિવહન વધુ સક્ષમ બન્યું છે, જેમાં મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ અન્ય મહાનુભાવો સાથે જાતે મુસાફરી કરી આ સેવાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો.આ સમારોહની શરૂઆત ગુજરાતના ખ્યાતનામ યુવા કલાકાર કુશલ ગઢવીના મંત્રમુગ્ધ કરી દે તેવા ગીતોથી થઈ હતી, જેમણે પોતાના સ્વરથી ઉપસ્થિત સૌમાં નવી ઊર્જાનો સંચાર કર્યો હતો. પ્રસંગને અનુરૂપ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ પાછલા પાંચ વર્ષમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલા વિકાસકાર્યો માટે તંત્ર અને નાગરિકોને અભિનંદન પાઠવ્યા હતા, જ્યારે મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારની મક્કમ પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આ કાર્યક્રમમાં રાજ્યકક્ષાના મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા, મેયર શ્રીમતી મીરાબેન પટેલ, શહેર પ્રમુખ શ્રી આશિષ દવે, ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ તેમજ અલ્પેશભાઈ ઠાકોર, ડેપ્યુટી મેયર શ્રી નટવરજી ઠાકોર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી ગૌરાંગભાઈ વ્યાસ, શાસક પક્ષના નેતા શ્રી અનિલસિંહ વાઘેલા, દંડક શ્રીમતી સેજલબેન પરમાર, મ્યુનિસિપલ કમિશનર શ્રી જે. એસ. પ્રજાપતિ તેમજ સ્થાનિક કાઉન્સિલરશ્રીઓ અને વિશાળ સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.



અમદાવાદના નારણપુરા ૧૩૨ રિંગ. રોડ પલ્લવ ચાર રસ્તા અંબિકા એપાર્ટમેન્ટમાં આજે શ્રાવણ મહિનાના છેલ્લા દિવસે શંકર ભગવાનના શિવલિંગને બરફથી સજાવામાં આવેલ.. સાથે ૨૦ વર્ષથી અંબિકા એપાર્ટમેન્ટમાં બરફના શિવલિંગને રાખવામાં આવે છે. ત્યારે અનેક ભક્તોની ભીડ જોવામાં આવે છે સાથે દૂર દૂરથી લોકો દર્શન કરવા પણ આવે છે.... અમદાવાદ થી હિતેશ દવેની રિપોર્ટ

# શ્રાવણ માસમાં શિવમહિમા કામને ભસ્મ કરનાર નિર્વિકાર યોગી -દેવાધિદેવ મહાદેવ

શિવ એટલે જ્યાં વિકારનો અંત આવે અને નિર્વિકારનો આરંભ થાય. આ કથા એ જ મહિમાની કથા છે, જ્યાં એક બાજુ સેવા અને સમર્પણની મૂર્તિ પાર્વતી છે અને બીજી બાજુ આકર્ષણ અને વાસનાનું પ્રતીક કામદેવ છે. બંને વચ્ચે સમાધિસ્થ શિવ બેઠા છે, જે શીખવે છે કે સાચો પ્રેમ વાસનાથી નહીં, તપ અને વૈરાગ્યથી જ પ્રાપ્ત થાય છે.

કૈલાસ પર નિત્યની જેમ પાર્વતીજી જયા-વિજયા સાથે ગરમ વસ્ત્રમાં બોળેલા વસ્ત્રથી શિવના અંગનું માર્જન કરી પૂજા કરી રહ્યાં હતાં. પાસે જ નંદી બેઠો હતો. શિવ ગહન ધ્યાનમાં હતા. ત્યાં જ અચાનક કૈલાસનું રૂપ પલટાવા લાગ્યું.શીતળ,આહલાદક પવન વાવા લાગ્યો, વૃક્ષોમાંથી તીવ્ર સુગંધ વછૂટી, ફૂલો ખીલી ઉઠ્યાં. આકાશમાં નીલા, કેસરી, ગુલાબી રંગોની રંગોળી પુરાઈ. કોયલોનો મીઠો ટહુકાર, મોરોનો કેકારવ અને વિવિધ પંખીઓના ગાનથી કૈલાસ વધુ પડતો રમ્ય બની ગયો.

આ એકાએક આવેલી રમ્યતાએ ધ્યાનસ્થ શિવને પણ એક પળ સ્પર્શ કરી લીધો. તેમની બિડાયેલી આંખો સહેજ ખુલીને પાછી મીંચાઈ ગઈ. જયા બોલી, "બહેન, શિવ તમારી સેવાથી પ્રસન્ન થયા લાગે છે." પાર્વતી બોલ્યાં, "ના, એ તો પ્રકૃતિના આ એકાએક પરિવર્તનને કારણે હશે."

આ પરિવર્તન કુદરતી નહોતું. ઝાડની ઘટામાં સંતાયેલા કામદેવ અને રતિ આ કરી રહ્યાં હતાં. દેવતાઓના કહેવાથી તેઓ આવ્યા હતા જેથી શિવનું ધ્યાન તૂટે અને તેઓ પાર્વતી સામે જુએ.

રતિએ કહ્યું, "તમારો પ્રયાસ સફળ થાય છે. હવે રૂપવતી અપ્સરાઓનું નૃત્ય-ગાન જોઈએ."

કામદેવે કહ્યું, "રતિ! પાર્વતી જેવું રૂપ-ગુણ ત્રિભુવનમાં ક્યાંય નથી. તે સામે જ બેઠાં છે. બીજી કોઈ સ્ત્રીની જરૂર નથી. શિવ એક પળ માટે આંખ ખોલે તો પાર્વતીને જ જોઈને તેમના મનમાં પ્રેમ જાગશે."

પછી રતિએ, જેના અવાજમાં સેંકડો કોયલની મીઠાશ હતી, તેણે મેઘધનુષ્ય જેવા રંગબેરંગી તાજા ફૂલોનું ધનુષ્ય-બાણ કામદેવને આપ્યું. કામદેવે એક એવું માદક બાણ બનાવ્યું કે જેની સુગંધથી જ દેવ-માનવ પરવશ થઈ જાય.

તેણે પહેલું બાણ છોડ્યું. તે ધીરે ધીરે માદક સુગંધ વેરતું શિવના દેહ પર પડ્યું. તે સુગંધ નાસિકા વાટે અંદર જતાં શિવની સમાધિ તૂટવા લાગી. મનમાં ભયંકર યુદ્ધ ચાલ્યું - વિકાર અને નિર્વિકાર વચ્ચે. શિવે પૂરેપૂરી આંખો ખોલી.

તરત જ કામદેવે બીજું બાણ છોડ્યું. આ બાણ તો મણિ જેવી ચમકતી પાંદડીઓવાળું, સપ્તરંગી હતું અને દરેક ફૂલ વચ્ચે એક સુંદર નારીમુખ દેખાતું હતું. તે બાણ શિવના ગળામાં વીંટળાઈ ગયું.

એક ક્ષણ માટે શિવની આંખોમાં નિર્વિકાર ભાવને બદલે કામનો ચમકારો આવ્યો અને તેમણે પૂજા કરતાં પાર્વતી સામે જોયું. પણ બીજી જ ક્ષણે તે ભાવ બુઝાઈ ગયો અને આંખોમાં પ્રલયકારી ક્રોધની લાલાશ છવાઈ ગઈ.

કામદેવ સમજી ગયો, "મારું અમોઘ શસ્ત્ર નિષ્ફળ ગયું."

મહાકાળ શંકરે કામદેવ તરફ દ્રષ્ટિ કરી. તેમના લલાટના ત્રીજા નેત્રમાંથી અગ્નિની પ્રચંડ જ્વાળા પ્રગટી અને જોતજોતામાં કામદેવ ભસ્મ થઈ ગયો.

આ જ શિવનો મહિમા છે.

★શિવ કામજિત છે બ્રહ્મા, વિષ્ણુ સહિત બધા દેવો કામના પ્રભાવમાં આવી શકે છે,પણ શિવ જ એક માત્ર છે જે કામને બાળી શકે છે. તે શીખવે છેકે બાહ્ય સૌંદર્ય ક્ષણિક છે

★વાસના નહીં, તપ જ પ્રેમનો માર્ગ છે કામદેવ બળજબરીથી આવતી વાસના છે, જ્યારે પાર્વતી તપ અને સમર્પણનો પ્રેમ છે. શિવે કામને બાળ્યો પણ પાર્વતીના તપને સ્વીકાર્યો. એટલે જ કહેવાય છે કે શિવને પામવા માટે શૃંગાર નહીં, સાધનાની જરૂર છે.

★૩. ત્રીજું નેત્ર એ વિવેક છે ક્રોધ નથી, જ્ઞાન છે.જ્યારે બે આંખો સુંદરતામાં ભટકે,ત્યારે ત્રીજી આંખ સત્ય પારખે છે. આપણી અંદરના કામ-ક્રોધને પણ વિવેકની આગથી જ બાળી શકાય.એટલે જ શિવ ભસ્મ ધારણ કરે છે એ ભસ્મ બીજું કંઈ નહીં પણ કામ ની જ ભસ્મ છે,જે યાદ અપાવે છે કે શરીર નશ્વર છે,શિવ જ શાશ્વત છે.

યશપાલસિંહ ટી વાઘેલા દરબારગઢ શ્રી ઓગડ વિદ્યા મંદિર થરા તા ઓગડ જિ બનાસકાંઠા

# ગાંધીનગર મહાનગરપાલિકાની તહેવારો નિમિત્તે ઐતિહાસિક ભેટ: નવી પીએમ-ઈબસમાં ભાદરવા સુદ એકમથી ભાઈબીજ સુધી માત્ર ૧ માં મુસાફરી

તા. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬, ગાંધીનગર,

ગાંધીનગર શહેરની જાહેર પરિવહન વ્યવસ્થાને વધુ આધુનિક અને સુવિધાજનક બનાવવાના હેતુથી ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના વરદહસ્તે પીએમ-બસ સેવા અંતર્ગત નવી ૩૦ ઈલેક્ટ્રિક બસોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આગામી તહેવારોની શ્રૃંખલાને ધ્યાનમાં રાખીને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકો માટે 'ઉત્સવની સફર' સ્વરૂપે એક વિશેષ ભેટની જાહેરાત કરવામાં આવી છે, જે અંતર્ગત પીએમ-ઈબસ સેવામાં સંપૂર્ણ મહાનગરપાલિકા વિસ્તારમાં નાગરિકો માત્ર એક રૂપિયાના નજીવા દરે મુસાફરી કરી શકશે.

આ વિશેષ એક રૂપિયાની ભાડા યોજના તહેવારોના પવિત્ર દિવસોને અનુલક્ષીને ખાસ ભાદરવા સુદ એકમથી શરૂ કરીને છેક ભાઈબીજ સુધી અમલમાં રહેશે. અંગ્રેજી કેલેન્ડર મુજબ તારીખ ૧૨મી સપ્ટેમ્બરથી લઈને ૧૧મી નવેમ્બર સુધી ગાંધીનગરના નાગરિકો આ યોજનાનો લાભ લઈ શકશે. મહાનગરપાલિકાની હદમાં આવતા તમામ વિસ્તારોને સાંકળી લેતી આ ઈલેક્ટ્રિક બસ સેવા દ્વારા નાગરિકો તહેવારોના સમયમાં ખરીદી, સગાસંબંધીઓની મુલાકાત તથા અન્ય રોજિંદા કાર્યો માટે શહેરના વિવિધ સ્થળો વચ્ચે ટ્રાફિકની ચિંતા વિના અત્યંત આરામદાયક મુસાફરી કરી શકશે.આ વિશેષ ભેટનો મુખ્ય ઉદ્દેશ્ય તહેવારોના સમયમાં વિદ્યાર્થીઓ, શ્રમિકો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો સહિત તમામ શહેરીજનોને પરવડે તેવી સુરક્ષિત પરિવહન સેવા પૂરી પાડવાનો છે. પીએમ-ઈબસ સેવા હેઠળ દોડતી આ અત્યાધુનિક અને પર્યાવરણમૈત્રી બસો થકી શહેરમાં પ્રદૂષણનું પ્રમાણ ઘટશે અને હરિયાળા ગાંધીનગરની ઓળખ વધુ મજબૂત બનશે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તમામ નાગરિકોને ઉત્સવના આ માહોલમાં ખાનગી વાહનોનો ઉપયોગ ઘટાડીને માત્ર એક રૂપિયાની આ વિશેષ ભાડા યોજનાનો મહત્તમ લાભ લેવા અને સુરક્ષિત તથા સુખદ મુસાફરીનો અનુભવ કરવા અપીલ કરવામાં આવે છે.







માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના જન્મદિવસ નિમિત્તેજસદણ શહેર ભાજપ લઘુમતી મોરચા દ્વારાજસદણ સિવિલ હોસ્પિટલ ખાતે ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૬-૦૯-૨૦૨૬, બુધવારના રોજ સવારે ૯:૦૦ કેમ્પ શરૂ કરવામાં આવશે. આપ સૌ ભાઈઓ તથા બહેનોને અપીલ છે કે વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહીઅભિયાનમાં જોડાઈ રક્તદાન કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડો.

# સુશાસનના ૫ વર્ષ : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં મહેસૂલી સુધારાથી રાજ્યના નાગરિકોને ઝડપી અને પારદર્શક સેવા સુનિશ્ચિત થઈ

ગાંધીનગર, ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ :મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે સુશાસનના સફળ ૫ વર્ષ પૂર્ણ કર્યા છે. રાજ્યના નાગરિકો સુધી પ્રભાવી અને અસરકારક સેવા વિતરણ સુનિશ્ચિત કરવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે જરૂરી મહેસૂલી સુધારા કરીને સુશાસનનું દ્દષ્ટાંત રજૂ કર્યું છે. તેમનું નેતૃત્વ પારદર્શિતા, સરળતા અને ટેક્નોલોજી આધારિત વહીવટ માટે જાણીતું છે. તેથી જ ગુજરાત સરકારે અમલમાં મૂકેલા વ્યાપક સુધારાઓ આજે રાજ્યના ખેડૂતો, ઉદ્યોગો અને વિકાસ પ્રોજેક્ટ્સ માટે આશીર્વાદરૂપ સાબિત થયા છે. જમીન નોંધણીથી લઈને બિનખેતીની મંજૂરી સુધીની પ્રક્રિયાઓને સરળ, પારદર્શક અને ડિજિટલ બનાવવાથી ગુજરાત સુશાસનનું રોલ મોડેલ બન્યું છે. આ સુધારાઓને લીધે રાજ્યના વિકાસને નવી ગતિ મળી છે, જે ''ઈઝ ઑફ ડૂઈંગ બિઝનેસ'' અને ''ઈઝ ઑફ લિવિંગ''ને મજબૂતી આપે છે.

મુખ?યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ મહેસૂલ વિભાગે એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ ગવર્નન્સને નવી ગતિ આપી છે. ઇ-ધરા જેવી પ્રણાલીઓને વધુ મજબૂત બનાવવામાં આવી છે, જેના લીધે ખરાઈ સાથેના જમીન રેકોર્ડ સુરક્ષિત અને ઝડપથી નાગરિકોને ઉપલબ્ધ કરવામાં આવી રહ્યા છે. પરિણામે જમીન સંબંધિત વિવાદોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

કાયદાકીય સુરક્ષા જાળવીને પ્રક્રિયાને સરળ બનાવવા માટે બિનખેતી (ƒઇ) મંજૂરી પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન બનાવવામાં આવી છે. તેમાં સમયસર મંજૂરી મળવાથી સમય અને ખર્ચમાં ઘટાડો થયો છે અને ઉદ્યોગોને ફાયદો થવાની સાથે ખેડૂતોના હિતનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. સાથો સાથ, ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોડર્નાઈઝેશન પ્રોગ્રામ હેઠળ ૩૪ જિલ્લાઓમાં જમીન માપણી અને રીસર્વેની કામગીરી ના કારણે જેના કારણે જમીન વિવાદોમાં ઘટાડો થયો છે અને ખેડૂતોને લોન, પાક વીમા અને સરકારી સહાય સરળતાથી મળી રહી છે.

આ સુધારા વિધેયકમાં ૧૯૪૭ થી અત્યાર સુધી થયેલા તમામ ટુકડા ધારાના ભંગ કોઈપણ પ્રકારના દંડ વિના નિયમબદ્ધ-વિનિયમિત કરવામાં આવશે. આ વિધેયકમાં ઉમેરવામાં આવેલી નવી કલમ-૫(૪)નો ઉપયોગ કરી રાજ્ય સરકાર દ્વારા તમામ લોકલ એરીયામાં એક સમાન ક્ષેત્રફળ ૧૦ ગુંઠા (૧૦૧૨ ચો.મી) નક્કી કરેલ છે. આ સુધારાથી જમીન લે-વેચમાં સ્થાનિક ગૂંચવાડા દૂર થશે. શહેરી વિસ્તારો ટુકડા ધારાની અસરમાંથી સંપૂર્ણ મુક્ત થશે અને સમગ્ર રાજ્યના સર્વાંગી વિકાસને ગતિ મળશે

મહેસૂલી સેવાઓમાં ડિજિટલ ટેક્નોલોજીને સામેલ કરવાથી કામગીરી વધુ સરળ, પારદર્ષક અને ઝડપી બની છે. ગરવી ૨.૦ પોર્ટલના રાજ્યવ્યાપી અમલીકરણ દ્વારા દસ્તાવેજ નોંધણી પ્રક્રિયા ઓનલાઇન અને ફેસલેસ બનાવવામાં આવી છે. જન સેવા અને ઈ-ધરા કેન્દ્રો પરથી ફિઝિકલ સહી-સિક્કા વગરની ડિજિટલ સહી અને ઊઈ કોડવાળી નકલો (ફહ્ল-૬, ફહ્ল-૭, ૮છ) મેળવવાની સુવિધા ઉપલબ્ધ છે. તે સિવાય અરજદાર હવે સીટી સરવે કચેરીની રૂબરૂ મુલાકાત કર્યા વગર ઓનલાઇન માધ્યમથી ઇ-સીલ દ્વારા પ્રમાણિત કરેલી પ્રોપર્ટીકાર્ડની નકલ ઘરે બેઠા મેળવી શકે છે. જમીન ફાળવણીને લગતા સુધારા અંતર્ગતૈંઇછ પોર્ટલ દ્વારા રાજ્યના નાગરિકો સુધી ઝડપી અને પારદર્શક સેવાઓ પહોંચવામાં સરળતા મળી છે.

મહેસૂલ વિભાગૈંજીઈની અત્યાધુનિક ટેકનોલોજીના માધ્યમથી રાજ્યના સમગ્ર ભૂભાગનું ઉચ્ચ રિઝોલ્યુશન ક્ષમતા સાથે મેપિંગ હાથ ધર્યું છે. આ પહેલ અંતર્ગત સરકારી જમીન પરના ગેરકાયદેસર દબાણો, લીઝ પર આપેલી જમીનનો દુરુપયોગ અને મર્યાદા બહારના ખનન (સ્ૈહૈહખ્ર) જેવી પ્રવૃત્તિઓ પર સચોટ દેખરેખ રાખવામાં આવે છે. છૈં (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) અને મશીન લર્નિંગ ટેકનોલોજી દ્વારા કોઈપણ અનધિકૃત ફેરફાર થતાં જ ૈંઇછ' અને 'ઈ હ્રૈદ્બિ' પર સ્વચાલિત (ર્ૈંદ્બૈંષ્ઠ) એલર્ટ જનરેટ થાય છે, જેનાથી જમીન પર ત્વરિત કાયદેસરની કાર્યવાહી સુનિશ્ચિત કરી શકાય છે.

ગતિશક્તિ પોર્ટલ સાથે એકીકરણ દ્વારા જમીન સંપાદન અને ખેડૂતોને વળતરની પ્રક્રિયા ઝડપી બની

જમીન સંપાદનની કામગીરીને ઝડપી બનાવવા માટે ગતિશક્તિ પોર્ટલ સાથે એકીકરણ કરવામાં આવ્યું છે જેના લીધે રાજ્યના જાહેર ક્ષેત્રના મહત્વના પ્રોજેક્ટ્સમાં જમીન સંપાદન કરવામાં આવ્યું છે. તેમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ, વડોદરા-મુંબઈ એક્સપ્રેસ વે, આબુરોડ-તારંગા હિલ રેલવે અને કેશોદ એરપોર્ટ જેવા મહત્વના પ્રોજક્ટ્સમાં સફળતાપૂર્વક જમીન સંપાદન થવાથી ખેડૂતોને ઝડપથી વળતર મળી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીના પાંચ વર્ષના કાર્યકાળ દરમિયાન મહેસૂલ વિભાગના મહત્વના સુધારા :

- ઈનામી કાયદા હેઠળ કબ્જા નિયમબધ્ધ કરવામાં આવ્યા. પ્રવર્તમાન જંત્રી કિંમતના ૨૦% કબ્જા હકકની કિંમત વસુલીને બિનઅધિકૃત કબ્જા નિયમબધ્ધ કરવાનો નિર્ણય
- અરજદારોના ફીડબેકના આધારે સેવા વિતરણમાં સુધારો કરવા માટે 'ફીડબેક સેન્ટર'ની શરૂઆત
- ખેતી હેતુ નવી અને અવિભાજ્ય શરત, પ્રતિબંધિત સત્તા પ્રકાર અથવા નિયંત્રિત સત્તા પ્રકારની તમામ જમીનો જૂની શરતની ગણવાનો અને ખેતી-બિનખેતી હેતુફેર માટે કોઈપણ પ્રકારના પ્રિમીયમની વસુલીમાંથી મુક્તિ આપવાનો નિર્ણય
- જમીન સંપાદનના કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર - તા. ૧/૫/૧૯૬૦ પછી તમામ જમીન સંપાદનના કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર આપવાનો ખેડૂતલક્ષી હકારાત્મક નિર્ણય
- બિનખેતીના કિસ્સામાં ખેડૂત પ્રમાણપત્ર વર્તમાન જંત્રી કિંમતના ૨૦% કબ્જા હકની કિંમત વસુલીને બિનઅધિકૃત કબ્જા નિયમબધ્ધ કરવાનો નિર્ણય
- પ્રવર્તમાન જંત્રી ભાવના ૧૦% પ્રિમીયમ વસુલ સાતે રિવાઈઝ બિનખેતી પરવાનગી આપવાનો નિર્ણય
- ખેડૂત ખરાઈ માટે હવે ૦૬/૦૪/૧૯૯૫ પહેલાનો રેકોર્ડ તપાસવાની જરૂર રહેશે નહીં
- ગ્રીન હાઈડ્રોજન નીતિ ૨૦૨૩: રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે સરકારી પડતર જમીન ભાડાપટ્ટે આપવાની નીતિ અમલમાં મૂકી

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat